પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૩૩ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૫-૦૫-૨૦૨૩ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઑસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનિસે દ્વિપક્ષીય બેઠક કરી

## ઓસ્ટ્રેલિયામાં છેલ્લા કેટલાક સમયથી મંદિર પર થઈ રહેલા હુમલાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રશ્ન ઉઠાવ્યો

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સિડનીમાં તેમના ઓસ્ટ્રેલિયન સમકક્ષ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. આ બેઠકમાં ભારતના વિદેશ પ્રધાન એસ જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ પણ હાજર હતા. પીએમ મોદીને સિડનીના એડમિરલ્ટી હાઉસ ખાતે ઔપચારિક ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.

વડાપ્રધાન મોદીએ, ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન અલ્બેનીઝ સાથેની મુલાકાત દરમિયાન ઓસ્ટ્રેલિયામાં છેલ્લા કેટલાક સમયથી મંદિર પર થઈ રહેલા હુમલાનો પ્રશ્ન ઉઠાવ્યો હતો. મંદિર પર થઈ રહેલા હુમલા અને અલગતાવાદી તત્વોની કાર્યવાહી ઉપર વાત થઈ છે.



સૌહાર્દપૂર્ણ સંબધને કોઈ તત્વો આધાત પહોંચાડે તે અમને સ્વીકાર્ય નથી. ઓસ્ટ્રેલિયાએ ઉઠાવેલા કદમ અંગે હુ તેમનો આભારી છુ. આવા તત્વો વિરુદ્ધ સખત પગલા લેવાની ખાતરી આપવામાં આવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સિડનીમાં ઓસ્ટ્રેલિયાના પીએમ એન્થોની અલ્બેનીઝ સાથે દ્વિપક્ષીય બેઠક કરી. બેઠકમાં બંને દેશોએ પરસ્પર સહયોગ વધારવા પર ચર્ચા કરી હતી. આ સાથે બંને દેશોએ પરસ્પર સહમતિથી સંબંધોને પહેલા કરતા વધુ સારા બનાવવા પર ચર્ચા કરી છે. બેઠકમાં ઉર્જા અને ઉર્જા મુદ્દે પણ ચર્ચા કરવામાં આવી હતી. બેઠક બાદ બંને દેશોના વડાપ્રધાનોએ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ પણ કરી હતી. જેમાં પીએમ મોદીએ ઓસ્ટ્રેલિયાના લોકોનો આભાર માન્યો હતો. પીએમએ કહ્યું કે હવે અમે ટી ૨૦ મોડમાં આવી ગયા છીએ. અમારો સંબંધ પરસ્પર વિશ્વાસ અને આદર પર આધારિત છે. ઓસ્ટ્રેલિયામાં ભારતના લોકો બે દેશો વચ્ચે એક સેતુ સમાન છે.

પીએમએ કહ્યું કે બંને દેશો વચ્ચે ખાણ અને ખનિજોના ક્ષેત્રને લઈને સકારાત્મક ચર્ચા થઈ છે. બેઠકમાં અમે આગામી દાયકાની રણનીતિ પર ચર્ચા કરી છે. ઓસ્ટ્રેલિયા સાથે સ્થળાંતર અને ગતિશીલતા કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ સિવાય ગ્રીન હાઈડ્રોજન પર ટાસ્ક ફોર્સ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.ભારત અને ઓસ્ટ્રેલિયા આર્થિક ક્ષેત્રમાં સહયોગ કરશે. બેઠક દરમિયાન ઓસ્ટ્રેલિયામાં મંદિરો પર થયેલા હુમલા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. પીએમ મોદીએ અલગતાવાદીઓ વિરુદ્ધ ઓસ્ટ્રેલિયન સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાની પ્રશંસા કરી હતી. પીએમએ કહ્યું કે ઓસ્ટ્રેલિયામાં મંદિરો પર હુમલો સ્વીકાર્ય નથી.

બેઠકમાં સામેલ થતા પહેલા પીએમ મોદીને સિડનીના એડમિરલ્ટી હાઉસમાં ઔપચારિક ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. જે બાદ પીએમને એડમિરલ્ટી હાઉસ ખાતે ઔપચારિક ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. પીએમ નરેન્દ્ર મોદીએ ગઈકાલે એટલે કે મંગળવારે સિડનીમાં ભારતીયોને સંબોધિત કર્યા હતા. આ દરમિયાન પીએમ મોદીએ ભારત અને ઓસ્ટ્રેલિયાના સંબંધોનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, બંને દેશો વચ્ચેના સંબંધોનો આધાર પરસ્પર વિશ્વાસ અને સન્માન છે.

પ્રેસ બ્રીફિંગમાં, પીએમ અલ્બેનિસે જણાવ્યું હતું કે, ઓસ્ટ્રેલિયા બિઝનેસ અને ટેક્નોલોજી શેરિંગના સંદર્ભમાં બંને દેશોને મદદ કરવા માટે બેંગલુરુમાં વાણિજ્ય દૂતાવાસ ખોલશે. આ પહેલાં બંને નેતાઓ વચ્ચે દ્વિપક્ષીય બેઠકમાં ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. જેમાં ૪૨૦, વેપાર અને સંરક્ષણ ક્ષેત્ર સાથે સૈન્ય સહયોગ વધારવાની વાત થઈ હતી. ઑસ્ટ્રેલિયન મીડિયા સાથેની વાતચીતમાં એન્થોની અલ્બેનિસે કહ્યું- ભારતમાં સપ્ટેમ્બરમાં ૪-૨૦ સમિટ યોજાવા જઈ રહી છે. આ અવસર પર મને વડાપ્રધાન મોદીને મળવાની તક મળશે. હું ઈચ્છું છું કે બંને દેશો તે ક્ષેત્રોમાં પણ આગળ વધે, જેના પર અત્યાર સુધી વધારે કામ થયું નથી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે સિડનીના કુડોસ બેંક એરેનામાં ભારતીય મૂળના ૨૦,૦૦૦ લોકોને સંબોધિત કર્યા હતા. પીએમ મોદીએ કહ્યું- વિદેશમાં રહીને પણ તમારા મૂળ સાથે જોડાયેલા રહો. તમે ત્યાં ભારતના રાજદૂત છો. ઓસ્ટ્રેલિયાના પીએમ અલ્બેનિસે મોદીના વખાણ કર્યા અને કહ્યું- મોદી બોસ છે. અહીં પ્રથમ વખત કોઈ વડાપ્રધાનનું આટલું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું છે. પીએમ મોદી મારા ખૂબ સારા મિત્ર છે. અમે બંને દેશોના લોકતાંત્રિક મૂલ્યોના આધારે સંબંધોને વધુ મજબૂત કરીશું.

પીએમ મોદીની ઓસ્ટ્રેલિયાની આ બીજી મુલાકાત છે. આ પહેલા તે ૨૦૧૪માં સિડની ગયો હતો. મોદીના પ્રારંભિક સમયપત્રક મુજબ તેઓ ક્વાડ મીટિંગ માટે ઓસ્ટ્રેલિયા જવાના હતા. જો કે, યુએસમાં ચાલી રહેલી દેવાની સમસ્યાને કારણે, જી૭ સમિટ દરમિયાન મીટિંગને જાપાન ખસેડવામાં આવી હતી. આમ છતાં પીએમએ ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ રદ કર્યો નથી.

## ગુજરાત માટે આગામી ૨૬ તારીખ અતિ ભારે! ૬૫ કિ.મીની ઝડપે ભારે પવન ફૂંકાવાની આગાહી

અમદાવાદ,

રાજ્યમાં અત્યાર ૪૨થી ૪૩ ડિગ્રી જેટલું ઊંચું તાપમાન નોંધાઈ રહ્યું છે. ઉનાળાની ગરમી લોકોને દઝાડી રહી છે. લોકો પણ ગરમીને ધ્યાનમાં રાખીને અવરજવર કરી રહ્યા છે. જોકે, ગરમીના ભારે પ્રકોપથી લૂ લાગવાના કિસ્સામાં પણ ખાસ્સો એવો વધારો થયો છે. આ દરમિયાન સ્થાનિક હવામાન વિભાગની આગાહી જણાવે છે કે રાજ્યમાં કાળઝાળ ગરમીથી લોકોને શનિવારથી થોડી ઘણી રાહત મળશે. હવામાન વિભાગે શુક્રવારે ભારે પવન ફૂંકાવાની પણ આગાહી કરી છે.

ગુજરાતમાં ભારે પવન ફૂંકાવાની હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના વિસ્તારો માટે આગાહી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બનથી દરિયાકાંઠા વિસ્તારોમાં ભારે પવનનું એલર્ટ છે. દરિયાકિનારાના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવાની શક્યતા છે. ૨૬ મેના રોજ ગુજરાતમાં ૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. તો દરિયાકાંઠા વિસ્તારમાં ૬૫ કિમીની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાશે.

સ્થાનિક હવામાન વિભાગની આગાહી જણાવે છે કે રાજ્યમાં હજુ બે દિવસ ગરમીની સ્થિતિ જળવાઈ રહેશે, જોકે, શનિવારથી ગરમીની તીવ્રતામાં બેથી ત્રણણ ડિગ્રી જેટલો ઘટાડો થશે એટલે લોકોને ભારે ગરમી સામે થોડી રાહત મળશે. અમદાવાદની વાત કરીએ તો શહેરમાં ગરમીએ માઝા મૂકી છે. અનેકવાર અમદાવાદ રાજ્યનું હોટેસ્ટ સિટી બન્યું છે. અમદાવાદીઓ પણ ગરમીથી તોબા પોકારી રહ્યા હોય પ્રી-મોન્સૂન એક્ટિવિટીની રાહ જોઈ રહ્યા છે. જોકે, હાલ તુરંત આવી કોઈ એક્ટિવિટી શરૂ થાય તેવી કોઈ શક્યતા નથી.

દેશના કેટલા રાજ્યમાં હવામાન વિભાગે ગાજવીજ સાથે વરસાદનું પણ એલર્ટ જારી કર્યું છે, જેના કારણે લોકોને ગરમીથી રાહત મળશે. હિમાચલમાં આંધી કરાવૃષ્ટિ અને ભારે પવન ફૂંકાવાની આગાહી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે હિમાલય ક્ષેત્રના હવામાનમાં પલટો આવ્યો છે. આજ રાજસ્થાનમાં પણ ધૂળભરી આંધી ફૂંકાઈ શકે છે, જ્યારે દિલ્હી સહિત ઉત્તર ભારતમાં હળવાથી મધ્યમ વરસાદથી સંભાવના છે. આ દરમિયાન ૪૦થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

## કર્ણાટક વિધાનસભામાં કોઈએ દેવગૌડા તો કોઈએ ગાયના નામે તો એક ધારાસભ્યે ડીકે શિવકુમારનામે શપથ લીધા!

બેંગલુરુ,

સંસદ અથવા વિધાનસભાના ચૂંટાયેલા નેતાઓ સામાન્ય રીતે ભગવાન અથવા બંધારણના સાક્ષી તરીકે શપથ લેતા હોય છે, પરંતુ કર્ણાટક વિધાનસભાથી વિપરીત, નવા ચૂંટાયેલા ધારાસભ્યોએ અન્ય રસપ્રદ રીતે શપથ લીધા. દાવણગેરે જિલ્લાના ચન્નાગિરી મતવિસ્તારના ધારાસભ્ય શિવગંગા બસવરાજે ભગવાન અને તેમના રાજકીય માર્ગદર્શક ડીકે શિવકુમારના નામે શપથ લીધા. શિવકુમાર કર્ણાટક પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ પણ છે.

કુનિગલના ધારાસભ્ય એચડી રંગનાથે કિસાન અને શિવકુમારના નામ પર શપથ લીધા. ડીકે શિવકુમારે પોતે તેમના ધાર્મિક



ગુરુ ગંગાધર અજ્જાના નામે શપથ લીધા હતા, જેના વિશે તેમણું કહેવું છે કે તેઓ તેમણે ભગવાન માને છે. વિજયપુરાના ભાજપના ફાયરબ્રાન્ડ ધારાસભ્ય બસનગૌડા પાટીલ (યતનાલ)એ 'હિંદુત્વ અને ગોમાતા (ગાય)'ના નામે શપથ લીધા. કેટલાક અન્ય લોકોએ પણ આદેશનો અનાદર કર્યો હતો.

કોંગ્રેસના મકેજીએફ ધારાસભ્ય રૂપા શ શિધરે બુદ્ધ, બસવા, આંબેડકર અને ભગવાનના નામે શપથ લીધા હતા, જ્યારે મુલબગિલના જેડીએસ ધારાસભ્ય સમૃદ્ધિ મંજુનાથે પાર્ટીના નેતા અને પૂર્વ વડાપ્રધાન એચડી દેવગૌડાના નામે શપથ લીધા હતા. દક્ષિણ કન્નડ પ્રદેશના બીજેપી ધારાસભ્ય ભાગીરથી મુરુલિયાએ તેમના પરિવારના દેવી- દેવતાઓના નામે શપથ લીધા. નવી સરકારની રચના બાદ સોમવારે ધારાસભ્યોને શપથ લીધી હતી.

પ્રોટેમ સ્પીકર આરવી દેશપાંડેએ નવા ચૂંટાયેલા ધારાસભ્યોને દેશના બંધારણ અથવા ભગવાનના નામ પર શપથ લેવાની સલાહ આપી હતી, ન કે વ્યક્તિઓના નામ પર, જે નિયમો અનુસાર નથી. જો કે તેમની સલાહને અવગણવામાં આવી હતી. સમારોહમાં ૧૬ ધારાસભ્યો આવ્યા ન હતા.

## ચૂંટણી પંચે અપક્ષ અને માન્યતા ન ધરાવતા પક્ષોના ઉમેદવારોના ૧૯૩ ચિન્હો જાહેર કર્યા

નવીદિલ્હી,

વર્ષ ૨૦૨૩ના અંતમાં પાંચ રાજ્યો જેમાં છત્તીસગઢ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, તેલંગાણા, મિઝોરમમાં ચુંટણી થશે.જેમાં ચૂંટણી પંચ આયોગે અપક્ષ અને માન્યતા ન ધરાવતા પક્ષોના ઉમેદવારો માટે ચિન્હો જાહેર કર્યા છે.જેમાં જુદા જુદા ૧૯૩ પ્રકારના ચિન્હોનો સમાવેશ છે.આ ઉપરાંત જમ્મુ કાશ્મીરમાં પણ ચુંટણી થવાની શક્યતા છે.

જાહેર કરાયેલ મફત ચૂંટણી પ્રતીક યાદીમાં બિસ્કીટ, બેલ્ટ, ટોર્ચ, મોતીના હાર, બાયનોક્યુલર, સાયકલ પંપ, સીટી, બારી, ઊન અને સોય, તરબૂચ, અખરોટ, વૉલેટ, સારંગી, વેક્યુમ ક્લીનર, ટ્રમ્પેટ, વૉકિંગ સ્ટિક, બેબી વૉકર, એર કન્ડીશનર, બલૂન અને બંગડીઓનો સમાવેશ થાય છે.માન્યતા પ્રાપ્ત રાષ્ટ્રીય અને પ્રાદેશિક પક્ષો તેમના પ્રતીકોના આધારે વિધાનસભા, લોકસભાની ચૂંટણી લડે છે. અપક્ષ અને માન્યતા ન ધરાવતા પક્ષોના ઉમેદવારોએ ચૂંટણી પંચ દ્વારા સમયાંતરે પ્રકાશિત કરવામાં આવતી યાદીમાંથી પ્રતીક પસંદ કરવાનું રહેશે.

આ વર્ષના અંતમાં પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી થવાની છે. છત્તીસગઢ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, તેલંગાણા અને મિઝોરમની હાલની વિધાનસભાઓની મુદત ડિસેમ્બર અને જાન્યુઆરી ૨૦૨૪ વચ્ચે સમાપ્ત થશે. છત્તીસગઢ અને મધ્યપ્રદેશ વિધાનસભાની મુદત અનુક્રમે ૩ જાન્યુઆરી અને ૬ જાન્યુઆરીએ પૂરી થાય છે. રાજસ્થાન, તેલંગાણા વિધાનસભાની મુદત અનુક્રમે ૧૪ જાન્યુઆરી અને ૧૬ જાન્યુઆરીએ પૂરી થાય છે. જ્યારે મિઝોરમ વિધાનસભાની મુદત ૧૭ ડિસેમ્બરે પૂરી થાય છે. આ પાંચ રાજ્યોમાં એકસાથે વિધાનસભાની ચૂંટણી યોજાય તેવી શક્યતા છે.

જમ્મુ-કાશ્મીરમાં પણ વિધાનસભાની ચૂંટણી થવાની સંભાવના છે.ઓગસ્ટ ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ થયા બાદ જમ્મુ અને કાશ્મીરમાં આ પહેલી વિધાનસભા ચૂંટણી યોજાશે. તેમની તારીખો સુરક્ષા પરિદ્રશ્યને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવશે.

## બદ્રીનાથમાં એક ફૂટ સુધી જમીન ધસી પડી : ચારધામ યાત્રામાં હાલ ખતરો નહીં

દેહરાદુન,

ઉત્તરાખંડના જોશીમઠમાં તિરાડો બાદ હવે ૪૫ કિલોમીટરનાં અંતરે બદ્રીનાથમાં પણ જમની ધસી પડવાની અને ભૂસ્ખલનની ઘટનાઓ સામે આવી રહી છે. અહીં મુખ્ય બજારમાં ભૂસ્ખલનનાં કારણે કેટલીક દુકાનોને હટાવી દેવાઈ છે. કેટલાક સ્થળ પર બેરિકેડ્સ લગાવીને લોકોની અવરજવરને રોકી દેવાઈ છે. સ્થાનિકોનું કહેવું છે કે, બદ્રીનાથમાં ૪૨૪ કરોડ રૂપિયાનાં માસ્ટરપ્લાન હેઠળ જૂની ઈમારતોની તોડફોડનાં કારણે આશરે એક ફૂટ સુધી ભૂસ્ખલનની ઘટનાઓ સામે આવી રહી છે. માસ્ટરપ્લાન હેઠળ અલકનંદા રિવર ફ્રન્ટ ડેવલપમેન્ટનું કામ ચાલી રહ્યું છે. લોકોનો આક્ષેપ છે કે, નદી કાંઠા પર સુરક્ષા દિવાલનાં નિર્માણમાં વિલંબનાં કારણે ધ્રુજારીનાં કારણે ભુસ્ખલનની ઘટનાઓ બની રહી છે. આ દરમિયાન બદ્રીનાથ કેદારનાથ મંદિર સમિતિનાં ચેરમેન અજેન્દ્ર અજય મુજબ ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું છે. હાલમાં ચારધામની યાત્રા સામે કોઈ ખતરો નથી. ભુસ્ખલન ક્ષેત્રો યાત્રા માર્ગ પર નથી. ૧૭૨૭૧ શ્રદ્ધાળુઓએ મંગળવારે બદ્રીનાથ ધામમાં દર્શન કર્યા હતા. વરિષ્ઠ ભૂગર્ભ વૈજ્ઞાનિક પ્રો. એસપી સતીનું કહેવું છે કે, માસ્ટરપ્લાન હેઠળ જુદા જુદા વિસ્તારમાં ખોદકામ ચાલી રહ્યું છે. જેના કારણે ખાડામાં પાણી ભરાઈ રહ્યા છે. ભુસ્ખલનને રોકવા માચે પ્રભાવિત વિસ્તારોમાં સુરક્ષા દિવાલ બનાવવાનુ સુચન કરવામાં આવ્યું છે. જો સુરક્ષા દિવાલ નહીં બને તો ભુસ્ખલનની ઘટનાઓ વધશે. બદ્રીનાથમાં પંચભૈયા વિસ્તારનાં મુખ્ય બજારને ભુસ્ખલનનાં કારણે સૌથી માઠી અસર થઈ છે. અહીં લોકોની અવરજવરને અટકાવી દેવામાં આવી છે. બામણી ગામનાં રસ્તામાં હળવી તિરાડો પડી છે. ચમોલીનાં કલેક્ટર હિમાંશુ ખુરાનાએ સ્થળ પર જઈને ચકાસણી કરી છે. બદ્રીનાથ હોટેલ એસોસિએશનનાં અધ્યક્ષ રાજેશ મહેતાનો આરોપ છે કે, બદ્રીનાથ માસ્ટરપ્લાન હેઠળ તોડફોડનાં કારણે ભુસ્ખલનની ઘટનાઓ બની રહી છે.

## પ્લેન રનવેને અડીને ફરી ઉડાન ભરી : મુસાફરોમાં ગભરાટ, ઈન્ડિગોનું પ્લેન યોગ્ય સ્થિતિમાં ન ઉતર્યુ

અમદાવાદ,

અમદાવાદના રનવે પર ઈન્ડિગો પ્લેનનું અયોગ્ય લેન્ડિંગ થવાને કારણે પ્લેન રનવેને સ્પર્શી ગયું અને પાછું ટેકઓફ થયું. જેના કારણે મુસાફરો ગભરાઈ ગયા હતા. આ ઘટના સોમવારે રાત્રે ૮.૪૫ કલાકે અમદાવાદના સરદાર વલ્લભભાઈ એરપોર્ટ પર બની હતી. ચંદીગઢથી અમદાવાદ જતી ફ્લાઈટ નંબર ૬ઈ ૬૦૫૬ યોગ્ય સ્થિતિમાં ઉતરી ન હતી. વિમાનમાં લગભગ ૧૦૦ મુસાફરો હતા. જોકે, ૨૦ મિનિટ હવામાં રહ્યા બાદ પ્લેનનું સુરક્ષિત લેન્ડિંગ થયું હતું.

યાત્રીઓના જણાવ્યા પ્રમાણે પ્લેનના વ્હીલનો લેન્ડિંગ માટે રનવે સાથે સંપર્ક થતાં જ વિમાને અચાનક તેજ ગતિએ ટેકઓફ કર્યું હતું. ઉતરાણને બદલે ટેક ઓફ થતાં મુસાફરો ગભરાઈ ગયા હતા.

પ્લેનમાં સવાર પેસેન્જર તેજસ જોશીએ પોતાના ટ્વીટમાં કહ્યું, 'આજે ચંદીગઢથી અમદાવાદ જતી ફ્લાઈટ (6E 6056) અમદાવાદ એરપોર્ટ પર ઉતરી શકી ન હતી. પ્લેન રનવે પર પહોંચ્યું અને પછી ટેક ઓફ કર્યું. જેના કારણે મુસાફરો ડરી ગયા હતા.

રિપોર્ટ્સ અનુસાર, એરપોર્ટના સૂત્રોએ જણાવ્યું કે વિમાનનું લેન્ડિંગ યોગ્ય સ્થિતિમાં નહોતું. આને ધ્યાનમાં રાખીને, એર ટ્રાફિક કંટ્રોલરએ પાઈલટને તરત જ ટેક ઓફ કરવા અને યોગ્ય રીતે ફરીથી લેન્ડ થવાનો નિર્દેશ આપ્યો. એક મુસાફરે આ ઘટના અંગે ઈન્ડિગો, ડીજીસીએ અને નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાને ફરિયાદ કરવા જણાવ્યું છે.

## મોદી મંત્રીમંડળમાં ૧૦મી જૂન પહેલા ફેરફારની તૈયારી, યુવાનોને તક અપાશે

નવીદિલ્હી,

આ વર્ષે પાંચ રાજ્યોમાં યોજાનાર વિધાનસભા ચૂંટણી અને આગામી વર્ષે એપ્રિલ-મેમાં યોજાનાર લોકસભા ચૂંટણી પહેલા મોદી મંત્રીમંડળમાં અંતિમ ફેરફાર માટેની તૈયારી શરૂ કરવામાં આવી છે. એવું કહેવાય છે કે, ૧૦મી જૂનથી પહેલા ફેરફાર કરાશે. સંગઠનમાં ૧૦મી જૂનથી પહેલા ફેરફાર કરાશે. કેટલાક અપવાદને છોડીને મોટી વયનાં મંત્રી અને કેડરની બહારનાં મંત્રીઓને પદમુક્ત કરવામાં આવે તેવી પણ શક્યતા છે.

આ વર્ષનાં અંત સુધી મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન, તેલંગાણા અને મિઝોરમમાં વિધાનસભા ચૂંટણી યોજાશે. કર્ણાટકમાં હાર બાદ ભાજપની સામે આ રાજ્યોમાં જીતવા માટેનાં મોટા પડકારો છે. જે રીતે કર્ણાટકમાં ભાજપની સરખામણીમાં કોંગ્રેસની પાસે શક્તિશાળી સ્થાનિક નેતા હતા તેવી જ સ્થિતિ આ રાજ્યોમાં પણ છે. સૂત્રોના મતે હાઈકમાન્ડ માને છે કે, વર્તમાન કેન્દ્રીય મંત્રીમંડળ અને સંગઠનનાં માળખામાં ફેરફાર કરીને ભાજપ વ્યૂહાત્મક રીતે પાંચેય રાજ્યોમાં સ્થિતિ મજબૂત કરી શકે છે. ચૂંટણીમાં વધારે સમય નથી ત્યારે વહેલી તકે ફેરફાર માટેની તૈયારી છે.

વર્તમાન મંત્રીમંડળમાં કેટલાક અપવાદોને છોડીને મોટીવયનાં મંત્રીઓ અને કેડરનાં બહારનાં લોકોની જગ્યાએ યુવા અને મૂળ કેડરનાં કાર્યકરોને જગ્યા મળી શકે છે. ચૂંટણીવાળા પાંચ રાજ્યોમાં પણ મંત્રીઓનાં ક્વૉટામાં વધારો થવાની શક્યતા છે. આ ઉપરાંત સાથી પક્ષના નેતાઓને પણ સ્થાન અપાશે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

ગઢવી કલ્યાણસિંહ સુરતસિંહ

તરફથી અભીનંદન....

મુ. વેગનપુર, તા. ગોધરા, જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

પટેલ સોનાભાઇ ભારૂભાઇ

તરફથી અભીનંદન....


મુ. ચંચેલાવ, તા. ગોધરા, જી. પંચમહાલ

## કુશ્તીબાજોએ નવા સંસદ ભવન સામે ૨૮ મેના રોજ મહિલા મહાપંચાયત યોજવાનું આહ્વાન કર્યું

નવીદિલ્હી,

રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહ વિરુદ્ધ દેશના પ્રખ્યાત કુશ્તીબાજો જંતર-મંતર પર સતત ધરણા કરી રહ્યા છે. આ દરમિયાન કુશ્તીબાજોએ નવા સંસદ ભવન સામે ૨૮ મેના રોજ મહિલા મહાપંચાયત યોજવાનું આહ્વાન કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ દિવસે નવા સંસદ ભવનનું ઉદ્‌ઘાટન કરવા જઈ રહ્યા છે.

મંગળવારે વિરોધ કરી રહેલા કુશ્તીબાજોએ ન્યાયની માંગ સાથે જંતર-મંતરથી ઈન્ડિયા ગેટ સુધી કૂચ કરી હતી. આ કૂચ પછી કુશ્તીબાજ વિનેશ ફોગાટે પત્રકારોને જણાવ્યું હતું કે "અમે નવા સંસદ ભવન સામે ૨૮ માર્ચે શાંતિપૂર્ણ મહિલા મહાપંચાયત યોજવાનું નક્કી કર્યું છે." વિનેશ ફોગાટે કહ્યું કે આ મહાપંચાયતનું નેતૃત્વ મહિલાઓ કરશે. આ



સાથે તેમણે કહ્યું કે આ જે અવાજ ઉઠાવવામાં આવ્યો છે તે દૂર દૂર સુધી પહોંચવો જોઈએ. જો આજે દેશની દીકરીઓને ન્યાય મળશે તો આવનારી પેઢીઓ તેનાથી પ્રેરણા લેશે.

વિનેશ ફોગાટ, બજરંગ પુનિયા અને સાક્ષી મલિક સહિત ઘણા ટોચના કુસ્તીબાજો ૨૩ એપ્રિલથી દિલ્હીના જંતર-મંતર પર વિરોધ કરી રહ્યા છે. રેસલર્સે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના વડા અને બીજેપી સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહ પર જાતીય સતામણીનો આરોપ લગાવ્યો છે. મહિલા કુશ્તીબાજોએ બ્રિજભૂષણ શરણ સિંહ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી, ત્યારબાદ ૨૮ એપ્રિલે દિલ્હીના કનોટ પ્લેસ પોલીસ સ્ટેશનમાં બે એફઆઈઆર નોંધવામાં આવી હતી. જેમાં પોક્સો હેઠળ સગીર છોકરીની ફરિયાદ પર સિંહ વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે, જ્યારે અન્ય કુશ્તીબાજોના યૌન શોષણની ફરિયાદ પર બીજી એફઆઈઆર નોંધવામાં આવી છે.

આ મહિનાની શરૂઆતમાં, દિલ્હી પોલીસે રેસલિંગ એસોસિએશનના પ્રમુખ સામે યૌન શોષણના આરોપોની તપાસ માટે વિશેષ તપાસ ટીમની રચના કરી હતી. દરમિયાન, રમત મંત્રાલયે કુશ્તીબાજોના આરોપોની તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી રેસલિંગ ફેડરેશનની તમામ પ્રવૃત્તિઓ સ્થગિત કરી દીધી છે.

# RTE એક્ટ હેઠળ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જીલ્લાની ૧૩૬ શાળાઓમાં ૬૪૬ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો

મહીસાગર,

ગુજરાતમાં શિક્ષણને વધુને વધુ પ્રાધાન્ય આપવાના હેતુથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં સૌથી વધુ રકમ શિક્ષણ માટે ફાળવવામાં આવી છે. ગુજરાત વિધાનસભાના બીજા સત્ર દરમિયાન RTE એક્ટ હેઠળ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની વિગતો ગૃહમાં રજૂ કરવામાં આવી હતી. જે મુજબ મહીસાગર જીલ્લાની ૧૩૬ શાળાઓમાં છેલ્લા બે વર્ષમાં રાઈટ ટુ એજ્યુકેશન (RTE) એક્ટ-૨૦૦૯ હેઠળ ૬૪૬ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે. જે અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં ૬૬ શાળાઓમાં ૩૫૨ વિદ્યાર્થીઓ તથા શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં ૭૦ શાળાઓમાં ૨૯૪ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે.

બાળકના ભવિષ્યના ઘડતળ માટે શિક્ષણ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે અને દરેક માં બાપ તેમને બાળકને સારૂં શિક્ષણ આપવા માંગતા હોય છે, જેના થકી તેનો બાળક ભણી ગણીને ખૂબ આગળ વધી શકે પણ અમુક મદ્યમ વર્ગીય પરિવાર તેમના બાળકને તેમની મનપસંદ



શાળામાં આર્થિક મુંઝવણના કારણે એડમિશન અપાવી શકતા નથી.

જયારે રાજય સરકાર દ્વારા આવા જ મદયમવર્ગીય બાળકોને શિક્ષણ મળી રહે તે માટે અને રાજયનો છેવાડાનો એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે કટિબદ્ધ છે. ગુજરાત એવું પ્રથમ રાજય છે કે જે બાળકોને RTE હેઠળ પ્રવેશ આપ્યો હોય તેવા બાળકોના વાલીના ખાતામાં બાળકના ગણવેશ વગેરે માટે વર્ષમાં એક વાર રૂ. ૩૦૦૦ની રકમ ઓનલાઈન જમા કરવામાં આવે છે

આવા જ એક મહીસાગર જીલ્લાના લાભાર્થીના માતા નિકિતા બેન જણાવે છે કે મારા પતિ કરિયાણાની દુકાનમાં મજૂરી કરે છે, એક માત્ર કમાનાર હોવાથી અમારા પરિવારનું ગુજરાન સંપુર્ણ પણે તેમની કમાણી ઉપર નિર્ભર છે. રોજની જેટલી આવક થાય એટલી તો મકાન ભાડા અને ઘરખર્ચમાં જ પુરી થઈ જતી હોય છે, એવામાં અમારે અમારા બાળકને સારૂં શિક્ષણ આપવાનું વિચારતા પહેલા પણ વિચાર કરવો પડે. પરંતુ મા-બાપ છીએ દિકરાના ભવિષ્ય વિશે અમે નહીં તો કોણ વિચારશે, હંમેશા તેમના ભણતરની ચિંતા રહેતી, બીજાના બાળકને સારી સ્કુલમાં ભણવા જતા જોઈ બાળકને તે સ્કુલમાં એડમીશન કરાવવાનું મન પણ થતું પણ આર્થિક પરિસ્થિતી મનના આ વિચાર પર તરત જ જાણે લગામ મુકતી.

રાજય સરકાર દ્વારા આરટીઈ (Right to education) હેઠળ ધોરણ-૧થી આઠના ગરીબ પરિવારના બાળકોને ખાનગી શાળાઓમાં પ્રવેશ (School admission) આપવામાં આવે છે. આ વાતની અમને આમતો સમાચાર માધ્યમો અને અન્ય બાળકો થકી જાણતો હતી, પરંતુ સાક્ષર ન હોવાના કારણે આમાં કેમ આવેદન કરવું તે નહોતું સમજાતું, અંતે એક દિવસ સ્કુલના શિક્ષકને આ મુંજવણ જણાવતા તેમણે સમજણ પુરી પાડી. આજે અમે અમારા બાળકને આરટીઈ અંતર્ગત અન્ય બાળકોની સાથે લુણાવાડામાં સારી સ્કુલોમાંની એક એવીઆદર્શ વિદ્યાલયમાં મોકલીએ છીએ. સરકારની આ યોજનાના કારણે અમારી સૌથી મોટી મુશ્કેલી-મજબુરી-ચિંતા માંથી આજે મુક્તિ મળી છે, અમારૂં બાળક આજે ખુબ સારી રીતે ભણી રહ્યું છેં, નિરક્ષરતાના કારણે અમને ખ્યાલ ન આવે કે એ શું ભણી રહ્યો છે, પરંતુ અન્ય બાળકોના માતા-પિતાની સાથે જયારે અમે પણ વાલી મિટીંગમાં હાજર રહીએ ત્યારે તેમના શિક્ષકોના પ્રતિભાવ સાંભળીને જાણે ભવ સુધરી ગયો હોય તેવી અનુભુતિ થાય.

# મહીસાગર વન વિભાગ દ્વારા મિશન લાઈફ-૨૦૨૩ અંતર્ગત લુણાવાડા ખાતે જનજાગૃતિ સાયકલ રેલી યોજાઈ

મહિસાગર,

આપણી પૃથ્વીને સુસંગત જીવનશૈલી અપનાવવાની પ્રેરણા સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામા આવેલ મિશન લાઈફ-૨૦૨૩ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યમા ૫ મે ૨૦૨૩થી ૫ જુન ૨૦૨૩ સુધી વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામા આવી રહ્યા છે.

જેને અનુલક્ષી પર્યાવરણલક્ષી અવેરનેસ ફેલાઈ તે હેતુથી લુણાવાડા રેન્જ-મહીસાગર વન વિભાગ દ્વારા ફોરેસ્ટ કમ્પાઉન્ડ થી જીલ્લા સેવા સદન થઈ ફોરેસ્ટ કમ્પાઉન્ડ પરત સુધી સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. સાયકલ રેલીની શરૂઆત પહેલા મિશન લાઈફ અંગેની પ્રતિજ્ઞા લઈ પર્યાવરણપ્રેમીઓના હસ્તે લીલી ઝંડી આપી કરવામા આવી હતી.



પર્યાવરણ બચાવવાની ઝુંબેશમાં જોડનાર સૌનો આભાર વ્યકત કરી આ પ્રોજેકટ અંગે માહિતી આપતા નાયબ વન સંરક્ષક એન વી ચૌધરીએ જણાવ્યું હતું કે મિશન લાઈફ પ્રોજેક્ટ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામા આવેલ છે. જેનો મુખ્ય હેતુ (Lifestyle for Environment) LiFE એટલે એવી જીવન શૈલી જીવવાની પ્રેરણા આપે છે, જે આપણી પૃથ્વીને સુસંગત હોય અને પૃથ્વી-પર્યાવરણને નુકશાન ન પહોંચાડે તે માટે મિશન લાઈફ અંતર્ગત મહીસાગર જીલ્લા વન વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવેલ સહભાગી વન વ્યવસ્થા સમિતીઓમાં પ્લાસ્ટીક કલીનઅપ કેમ્પેઈન, ઈકો ટૂરીઝમ સાઈટે પ્લાસ્ટીક કલીનઅપ કેમ્પેઈન, વન વિસ્તારમાં ચેકડેમ-વનતલાવડીની કામગીરી, ભુમિ અને ભેજ સંરક્ષણના કામો, સાંકેતિક વાવેતરો સહિતની કામગીરીઓ કરવામાં આવી રહી છે. સાથે સાથે ૫ મી જૂન વિશ્વ પર્યાવરણ દિવસે પ્રતીકાત્મક પ્લાન્ટેશન ડ્રાઈવ હાથ ધરવામાં આવનાર છે.

આ રેલીમાં નાયબ વન સંરક્ષક એન વી ચૌધરી, જાણીતા તબીબો સર્વ ડો આર બી પટેલ, ડો દિલીપ અગ્રવાલ, ડો પિનલ શાહ, લુણાવાડા નોર્મલ રેન્જ ફોરેસ્ટ અધિકારી વૈભવ હારેજા, ગોધરા સામાજીક વનીકરણ વિભાગના રેન્જ ફોરેસ્ટ અધિકારીઓ જે.ટી. મકવાણા, એસ.જે. સેનવા, એ.સી. રાઠોડ, મહીસાગર વાઈલ્ડ લાઈફ ટીમ એન જી ઓ સહિત વનકર્મીઓ જોડાયા હતા.

# બાલાસિનોર પોલીસે એક વર્ષ દરમિયાન ઝડપાયેલો ૧૩,૬૨,૨૧૦ના વિદેશી દારૂ પર બુલડોઝર ફેરવ્યું

બાલાસીનોર,

બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશન નો વર્ષ ૨૦૨૧-૨૦૨૨ દરમિયાન પકડાયેલ ૯૫૭૯ વિદેશી દારૂની બોટલો અને બિયરો જેની કિમત રૂ.૧૧,૧૬,૬૧૭ તેમજ વિરપુર પોલીસ સ્ટેશન નો વર્ષ ૨૦૨૧-૨૦૨૨નો પકડાયેલ ૨૦૧૩ વિદેશી દારૂની બોટલો અને બિયરો ની કિમત રૂ.૨,૪૫,૫૯૩ નો નાશ કરાયો.



રાજ્યમાં દારૂનું વેચાણ કરવું અને સેવન કરવું તેના પર પ્રતિબંધ છે, એમ છતાં દર વર્ષ ગુજરાતમાં કરોડોની કિંમતમાં દારૂના જથ્થા ઝડપાતા હોય છે. ત્યારે આજે મહિસાગર જીલ્લાના બાલાસિનોર ટાઉન અને વિરપુર તાલુકામાં એક વર્ષ દરમિયાન ઝડપાયેલો વિદેશી દારૂનો નાશ કરવામાં આવ્યો હતો.

બાલાસિનોર-વિરપુર તાલુકામાં એક વર્ષ દરમિયાન પકડાયેલા ૧૧૫૯૨ વિદેશી દારૂની બોટલો અને બિયર મળી કુલ ૧૩ લાખથી વધુના વિદેશી દારૂ પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. બાલાસિનોર મુલ્તાનપુરા પાસે નગરપાલિકા ડમ્પીંગ સાઈટ પર ખુલ્લી જગ્યામાં આજે વિદેશી દારૂની બોટલો ખુલ્લી કરી ગોઠવવામાં આવી હતી. જ્યાં અધિકારીઓની હાજરીમાં બુલડોઝર ફેરવી વિદેશી દારૂનો નાશ કરવામાં આવ્યો હતો.

જેમાં બાલાસિનોર પ્રાંત અધિકારી હિરેન ચૌહાણ, ડીવાયએસપી પી.એસ. વડવી, બાલાસિનોર-વિરપુર મામલતદાર, નશાબંધી અધિકારી, બાલાસિનોર પોલીસ સ્ટેશનના પીઆઇ, બાલાસિનોર પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ,વિરપુર પીએસઆઇ તેમજ પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# ST ના કર્મચારીઓને ઉનાળાની ઉંઘ લેવી ભારે પડી

- સંતરામપુર ST ડેપો ખાતે આવેલ વર્કશોપના ૨ કર્મીઓ ફરજ ઊંઘતા ઝડપાતા તાત્કાલીક સસ્પેન્ડ કરાયા.
- સંતરામપુર ST ડેપો મેનેજર દ્વારા વકેશોપ ખાતે કામગીરીની ચકાસણી કરાતા બે કમેચારીઓ ચાલુ ફરજે ઉંઘતા રંગે હાથે ઝડપાયા હતા.

સંતરામપુર,

આ બે કર્મીઓને બેદરકારીના કારણે તાત્કાલીક સસ્પેન્ડ કરવામાં આવતા અન્ય STના કર્મીઓમાં પણ ફફડાટ. સંતરામપુર એસટી બસ ડેપોમાં રાત્રિના સમયમાં ફરજ બજાવતા કર્મચારીઓમાં જેમાં બે કર્મચારીઓ કામગીરી કરવાના બદલે ઉંઘતા ઝડપા ડેપો મેનેજર ઓચિંતી મુલાકાત લેતા સુતાની હાલતમાં ઝડપાતા તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવ્યા. સંતરામપુર એસટી બસ ડેપોમાં વર્કશોપમાં ફરજ બજાવતા કર્મચારીઓ સંતરામપુર ડેપોના ડેપો મેનેજર રાત્રિના સમયે બે ૪૫ મુલાકાત લેતા કામગીરી કરવાના બદલે ઊંઘી રહેલા હતા. તે દરમિયાનમાં ડેપો મેનેજર એ બંને કર્મચારીઓને રંગે હાથ ઝડપી પાડ્યા હતા અને સ્થળ ઉપર જ ફરજ પરથી મુક્ત કરવામાં આવેલા હતા. આ ઘટના બનતા જ સંતરામપુર એસટી ડેપોમાં ડ્રાઈવર કંડકટર એટીએસ હેલ્પર તમામ વિભાગના કર્મચારીઓમાં સન્નાટો જોવા મળી આવેલો હતો. પ્રથમવાર પહેલા ડેપો મેનેજર એ સ્થળ ઉપર જ નિર્ણય લઈને અન્ય કર્મચારીઓને ફરજ પર કામગીરી કરવાની હોય પરંતુ આરામ ન કરવાનો હોય તેવું શીખવાડી દીધું. એસટી ડેપોના મેનેજર એ પોતાની કોઈપણ પ્રકારની શરમ રાખ્યા વિના જ નૈતિકતા સાચવીને એસટી વિભાગના હિતમાં નિર્ણય લીધો હવે દરેક કર્મચારી ફરજ પર ઊંઘવાનું કામ નહીં કરે.

## કેજરીવાલ એલજીના અધિકારોને લઈને ઉદ્ધવને મળ્યા

# મોદી સરકાર લોકશાહી અને બંધારણ વિરુદ્ધ ; અમે દેશ અને લોકશાહીને બચાવવા માટે સાથે આવ્યા છીએ : ઉદ્ધવ ઠાકરે

નવીદિલ્હી,

દિલ્હીમાં અધિકારીઓના ટ્રાન્સફર-પોસ્ટિંગ મુદ્દે સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ કેન્દ્ર સરકાર વટહુકમ લાવી છે. દિલ્હીની આમ આદમી પાર્ટી તેનો વિરોધ કરી રહી છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આ વટહુકમ સામે વિરોધ પક્ષોનું સમર્થન મેળવવા નેતાઓને મળી રહ્યા છે.મંગળવારે કેજરીવાલે બંગાળના સીએમ મમતા બેનર્જી સાથે મુલાકાત કરી હતી. આજે તેઓ મુંબઈમાં ઉદ્ધવ ઠાકરેને મળ્યા હતા. તેમની સાથે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન, આપના રાજ્યસભાના સાંસદો સંજય સિંહ અને રાઘવ ચઢ્ઢા અને દિલ્હીના મંત્રી આતિશી પણ હતા. આ બેઠકને લઈને ઉદ્ધવે કહ્યું કે અમે દેશ અને લોકશાહીને બચાવવા માટે સાથે આવ્યા છીએ. મને લાગે છે કે અમને વિપક્ષી પાર્ટી તરીકે ન કહેવા જોઈએ પરંતુ કેન્દ્ર સરકારને વિપક્ષ તરીકે બોલાવવી જોઈએ કારણ કે તે બંધારણ અને લોકશાહીની વિરુદ્ધ છે. જયારે દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે બુધવારે દાવો કર્યો હતો કે રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં સેવાઓને નિયંત્રિત કરવા પર કેન્દ્રનો વટહુકમ એ સુપ્રીમ કોર્ટમાં મોદી સરકારની અવિશ્વાસનું પ્રતિબિંબ છે. શિવસેના (યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરેને મુંબઈમાં તેમના નિવાસસ્થાને મળ્યા પછી, કેજરીવાલે કહ્યું કે કેન્દ્રીય તપાસ એજન્સીઓ



જેવી કે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)નો ઉપયોગ કરીને રાજ્ય સરકારોને નીચે લાવવામાં આવી રહી છે. સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કેજરીવાલે આરોપ લગાવ્યો કે કેન્દ્ર રાજ્ય સરકારોને નીચે લાવવા માટે તપાસ એજન્સીઓનો દુરુપયોગ કરી રહ્યું છે. તેમણે ગયા વર્ષે મહારાષ્ટ્રમાં ઉદ્ધવની આગેવાની હેઠળની મહા વિકાસ અઘાડી સરકારના પતનનો ઉલ્લેખ કર્યો હતો.આપના રાષ્ટ્રીય સંયોજકે કહ્યું, "દિલ્હીમાં સેવાઓને નિયંત્રિત કરવા પર કેન્દ્રનો વટહુકમ દર્શાવે છે કે મોદી સરકારને સુપ્રીમ કોર્ટ પર વિશ્વાસ નથી." તે જ સમયે, ઉદ્ધવે કહ્યું, "અમે લોકશાહીની વિરુદ્ધમાં રહેલી શક્તિઓને હરાવવા માટે સાથે આવ્યા છીએ. કેજરીવાલે કહ્યું કે ઉદ્ધવ રાજ્યસભામાં બિલ (સેવા નિયંત્રણ પર કેન્દ્રના વટહુકમ પર) વિરુદ્ધ મતદાન કરવા સંમત થયા છે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે ઉદ્ધવ ઠાકરેએ વચન આપ્યું છે કે તેઓ સંસદમાં અમારું સમર્થન કરશે અને જો આ બિલ સંસદમાં પસાર નહીં થાય તો મોદી સરકાર ૨૦૨૪માં ફરી સત્તામાં આવી શકશે નહીં. કેન્દ્રના વટહુકમ સામે આપની લડાઈમાં તેમનું સમર્થન મેળવવા માટે કેજરીવાલ બુધવારે જ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વડા શરદ પવારને પણ મળશે. આ પહેલા મંગળવારે કેજરીવાલને મળ્યા બાદ મમતા બેનર્જીએ મીડિયા સાથે વાત કરી હતી. મમતાએ કહ્યું- કેન્દ્ર સરકારને ગર્વ થઈ ગયો છે. તેઓ શું વિચારે છે, શું આપણે તેમના બંધાયેલા મજૂર, નોકર છીએ. અમને ચિંતા છે કે તેઓ કદાચ દેશનું બંધારણ બદલી નાખશે. તેઓ બંધારણનો નાશ કરવા માંગે છે. સુપ્રીમ કોર્ટ જ દેશને બચાવી શકે છે. સુપ્રીમ કોર્ટના નિર્ણય પર કેન્દ્ર સરકાર ૨૦ મેના રોજ વટહુકમ લાવી હતી. આ પછી ૨૧ મેના રોજ નીતિશ કુમાર અરવિંદ કેજરીવાલને મળ્યા હતા. નીતિશે કેજરીવાલને સમર્થન આપ્યું હતું. ત્યારે કેજરીવાલે કહ્યું હતું કે જો કેન્દ્ર સરકાર ચોમાસુ સત્રમાં આ વટહુકમ બિલ લાવે છે અને તમામ વિપક્ષી દળો તેનો વિરોધ કરે છે તો ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં ભાજપ ખતમ થઈ જશે. અહીં કેજરીવાલના સમર્થનને લઈને કોંગ્રેસ બે જૂથોમાં વહેંચાયેલી જોવા મળી રહી છે. જ્યારે પાર્ટીના મહાસચિવ કેસી વેણુગોપાલ વટહુકમ વિરુદ્ધ આપને સમર્થન આપવાની વાત કરી રહ્યા છે. જ્યારે દિલ્હીમાં પાર્ટીના નેતા અજય માકને સમર્થન આપવાનો ઈન્કાર કર્યો છે.સુપ્રીમ કોર્ટે ૧૧ મેના રોજ નિર્ણય આપ્યો હતો કે દિલ્હીમાં સરકારી અધિકારીઓ પર માત્ર ચૂંટાયેલી સરકારનું નિયંત્રણ રહેશે. ૫ જજની બંધારણીય બેંચે સર્વસંમતિથી કહ્યું - જાહેર વ્યવસ્થા, પોલીસ અને જમીન સિવાય, લેફ્ટનન્ટ ગવર્નર અન્ય તમામ બાબતોમાં દિલ્હી સરકારની સલાહ અને સહકાર સાથે કામ કરશે. સંપૂર્ણ સમાચાર વાંચો.. સુપ્રીમ કોર્ટની બંધારણીય બેંચના ચુકાદાના એક દિવસ બાદ દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે સેવા સચિવ આશિષ મોરેને હટાવ્યા હતા. દિલ્હી સરકારનો આરોપ છે કે ન્એ આ નિર્ણય પર રોક લગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટના આદેશ છતાં એલજી આવું કરી રહ્યું છે. આ કોર્ટના આદેશની અવમાનના છે. જોકે, બાદમાં એલજીએ ફાઈલ પાસ કરી હતી.

# લુણાવાડા મામલતદાર કચેરી ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમ કલેક્ટર ભાવિન પંડ્યાના અધ્યક્ષ સ્થાને યોજાયો



મહીસાગર,

જાહેર જનતાના પ્રશ્નોનું સ્થાનિક કક્ષાએ જ નિરાકરણ થઈ શકે તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા તેઓના મુખ્યમંત્રીકાળ દરમિયાન શરૂ કરાયેલ સ્વાગત કાર્યક્રમને ૨૦ વર્ષ થઈ ગયા છે. આ ૨૦ વર્ષમાં અસંખ્ય લોકોએ સ્વાગત કાર્યક્રમ થકી પોતાની મુશ્કેલીઓનું સ્થાનિક કક્ષાએથી જ નિરાકરણ મેળવ્યું છે.

મહીસાગર જીલ્લાના લુણાવાડા મામલતદાર કચેરી ખાતે કલેક્ટર ભાવિન પંડયાના અધ્યક્ષ સ્થાને ગ્રામ્ય અને તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં આજરોજ કુલ ૧૩ જેટલી અરજીઓનું હકારાત્મક નિરાકરણ કરવામાં આવ્યું છે. જેમાં તાલુકા સ્વાગતના કુલ ૭ પ્રશ્નો અને ગ્રામ સ્વાગતના કુલ ૬ પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ તમામ પ્રશ્નોનું સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.

તાલુકા સ્વાગત કાર્યક્રમ હેઠળ વિવિધ વિભાગો માટેની કુલ ૧૩ ફરીયાદો હતી. આ તમામ ફરીયાદોના અરજદારઓને સંબધિત વિભાગના અધિકારીઓની હાજરીમાં જીલ્લા કલેક્ટર દ્વારા સાંભળવામાં આવી હતી અને હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અરજદારો સહિત તમામ તાલુકા કક્ષાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મહિસાગર જીલ્લામાં ટેકાના ભાવે ખરીદી આગામી તા.૦૧-૦૬-૨૦૨૩થી શરૂ કરવામાં આવશે

મહિસાગર,

ભારત સરકાર દ્વારા ૨૦૨૨-૨૩ માટે મગ માટે રૂ.૭૭૫૫ પ્રતિ કિવન્ટલ ટેકાના ભાવ જાહેર કરવામાં આવેલ છે. ટેકાના ભાવે ખરીદી આગામી તા.૦૧-૦૬-૨૦૨૩થી શરૂ કરવામાં આવશે. ખરીદી અન્વયે તા.૨૯-૦૫-૨૦૨૩થી ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી VCE મારફતે ખેડુતોની નોંધણી નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર કરવામાં આવશે.

આથી મહિસાગર જીલ્લાના ખેડુત મિત્રોને જણાવવાનું કે, ટેકાના ભાવ અંતર્ગત ખરીદી નોંધણી પ્રકિયા તા.૨૯-૦૫-૨૦૨૩થી ચાલુ થતી હોઈ જેથી તમામ ખેડુત મિત્રો પોતાની ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેંન્દ્રો ખાતેથી VCE મારફતે નોધણી કરાવવા માટે જાણ કરવામાં આવે છે.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. કાર્યક્ષેત્રમાં સાવધાની રાખો અને જ્યારે પ્રતિકૂળ પરિસ્થિતિ ઊભી થાય ત્યારે ક્રોધને કાબૂમાં કરો. ભાગીદારીમાં થઈ રહેલા કામમાં અડચણ આવી શકે છે. સફળતા મેળવવા વિદ્યાર્થીઓએ વધુ મહેનત કરવી પડી શકે છે.

વૃષભ : આજનો દિવસ કંઈક વિશેષ કરવાની ભાગદોડમાં પસાર થશે. કાર્યક્ષેત્રમાં અધિકારીઓ સાથે સારા સંબંધો રાખજો. આજે સરકારી યોજનાનો લાભ મેળવવાની પૃષ્ઠભૂમિ તૈયાર થશે. જો તમારે નોકરી બદલવી છે તો સમય અનુકૂળ છે, ફાયદો થશે. કોઈ પણ નવું કાર્ય શરૂ કરવા માતા-પિતા પાસેથી આશીર્વાદ અને સહાય મેળવો.

મિથુન : રોજગારી ક્ષેત્રે આવતી અડચણ દૂર થશે અને કોઈ વિશેષ કાર્યક્રમ હેઠળ રોકાયેલા નાણા આશ્ચર્યજનક રીતે પ્રાપ્ત થશે. ધર્મ અને અધ્યાત્મમાં રસ વધશે. વ્યવસાયમાં લીધેલા જોખમો તમારા માટે ફાયદાકારક સાબિત થશે. જીવનસાથીની કારકીર્દિમાં પ્રગતિના કારણે હૃદય પ્રસન્ન રહેશે. વિવાહિત જીવનમાં આજે કોઈ નવા સારા સમાચાર મળશે.

કર્ક : આજે બાળકોની સમસ્યાનું નિરાકરણ આવશે અને રોજગાર માટેના પ્રયત્નોમાં પણ સફળતા મળશે. વિદ્યાર્થીઓ કોઈપણ સ્પર્ધામાં જીતી શકે છે. હવામાન પરિવર્તન આરોગ્ય પર પ્રતિકૂળ અસર થઈ શકે છે અને અનિદ્રાની ફરિયાદો પજવણી કરી શકે છે.

સિંહ : વૃદ્ધોની સહાયથી ઘરના લોકોની સમસ્યાનું નિરાકરણ આવશે અને રાજ્યની સહાય પણ પૂરી પાડવામાં આવશે. ક્ષેત્રમાં તમારી સ્થિતિ અને સત્તામાં વધારો થશે, પરંતુ તમારા સાથીઓનો મૂડ બગડશે. રાજકારણ સાથે સંકળાયેલા લોકોને ફાયદો થશે અને નવી તકો પણ મળશે. મુસાફરી કેટલાક કારણોસર મુલતવી રાખવામાં આવી શકે છે.

કન્યા : મિત્રોના સહયોગથી કરવામાં આવતા કામમાં અડચણ આવી શકે છે. ઘર માટે ઉપયોગી વસ્તુઓ આજે ખરીદી શકાય છે. અતિથિઓનું અચાનક આગમન ખર્ચમાં વધારો કરી શકે છે. વિદ્યાર્થીઓના શિક્ષણ ક્ષેત્રે આવતી અડચણનો અંત આવશે.

તુલા : આજનો દિવસ મિશ્રિત ફળ આપનારો છે. જો તમે વેપારી છો, તો તમારે બિનજરૂરી મહેનત કરવી પડી શકે છે. ધંધાકીય ખર્ચ પર નિયંત્રણ રાખવું જરૂરી છે. સરકારી કર્મચારીઓએ ઉતાવળમાં કોઈ કામ ન કરવું જોઈએ, નહીં તો અધિકારીઓમાં ગુસ્સો આવી શકે છે.

વૃશ્ચિક : સવારથી ધંધામાં થોડો ફાયદો થવાની સંભાવના છે. કેટલાક વરિષ્ઠ અધિકારીને કારણે નોકરી-ધંધા સંબંધિત મુદ્દાઓ ઉકેલાશે. બાળકોને લગતી સમસ્યાઓ ઉકેલાશે. પ્રેમ સંબંધ સુખદ રહેશે.

ધન : કાર્યક્ષેત્રમાં અધિકારીઓ સાથે ઝઘડો તમારા માટે હાનિકારક સાબિત થઈ શકે છે, એટલે ક્રોધ અને વાણી પર નિયંત્રણ રાખો. વિદ્યાર્થીઓને ફરીથી તેમની તૈયારીઓ પૂર્ણ કરવાની તક મળશે. મિત્રો સાથે લાંબી યાત્રા પર જવાનો પ્લાન બનશે અને લગ્નજીવનમાં શાંતિ રહેશે. પરિવારમાં શુભ કાર્યના આયોજન કરવામાં આવશે.

મકર : કાર્યક્ષેત્રમાં કોઈ સાથીદાર તમારી વિરુદ્ધ કાવતરું ઘડી શકે છે, સાવચેત રહો. ઉપરાંત ધ્યાનમાં રાખો કે તમે વરિષ્ઠ અધિકારી સાથે તણાવ કરતા નથી ને. વિવાહિત જીવન મધુર રહેશે અને એકબીજાની ભાવનાઓને પૂર્ણ માન આપશો.

કુંભ : ધંધામાં સમયસર નિર્ણય સફળ સાબિત થશે અને નવો ધંધો શરૂ કરવા માટેનો માર્ગ મોકળો કરશે. જો તમે વિરોધીઓની ટીકા તરફ ધ્યાન ના આપીને તમારું કાર્ય કરતા રહેશો તો સફળતા મળશે. પૂર્વજોની સંપત્તિને લગતા વિવાદોનું સમાધાન થશે.

મીન : સામાજિક વિસ્તારનો વિકાસ થશે અને માનસિક તણાવથી રાહત મળશે. વિદ્યાર્થીઓ માટે સમય અનુકૂળ છે, ઉચ્ચ શિક્ષણમાં આવતી અડચણ પૂર્ણ થશે. સરકારી કર્મચારીઓની બદલીની યોજના છે. કાર્યસ્થળે કોઈ સ્ત્રી તમારા કામથી પ્રભાવિત થઈ શકે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

### લીમખેડા તાલુકાના પાડા ગામે

# માનવભક્ષી દિપડાએ ઘર બહાર ઉંઘી રહેલ એક મહિલા સહિત બે પર હુમલો કરતાં પુરૂષનું મોત

દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના પાડા ગામે આદમ ખોર દિપડાએ ઘરની બહાર ઉંઘી રહેલ એક મહિલા સહિત બે વ્યક્તિઓ પર જીવલેણ હુમલો કરતાં બંન્ને ગંભીર ઈજાગ્રસ્તોને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવ્યાં બાદ પુરૂષની હાલત નાજુક જણાતાં તેઓને વડોદરાની હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવતાં જ્યાં સારવાર દરમ્યાન પુરૂષનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

લીમખેડા તાલુકાના વન્ય વિસ્તારમાં આદમ ખોર દિપડાનો આતંક દિનપ્રતિદિન વધી રહ્યો છે. બે દિવસ પહેલાં લીમખેડાના ફુલપરી ગામે બે માસુમ બાળાઓને રાત્રીના સમયે મીઠી નીંદર માણી રહેલ બે માસુમ બાળાઓને ઘરની ઓસરીમાંથી દિપડાએ ખેંચી લઈ જઈ જતાં પરિવારજનોમાં બુમાબુમ થઈ જતાં દિપડાએ બંન્ને બાળાઓને મોઢાના ભાગે તેમજ માથાના ભાગે બચકાઓ ભરી દિપડો નાસી છુટયાના બનાવની હજુ શાહી સુકાઈ નથી. ત્યાં લીમખેડાના પાડા ગામે ગતરોજ રાત્રીના સમયે ઘરની બહાર મીઠી નીંદર પાણી રહેલા પાડા ગામે ચૌહાણ ફળિયામાં રહેતાં ૪૫ વર્ષીય રમેશભાઈ રતનાભાઈ ચૌહાણ અને રામપુરીયા ફળિયામાં રહેતાં એક ૬૦ વર્ષીય વૃધ્ધ મહિલા ચંપાબેન કનુભાઈ ચૌહાણ ઉપર આદમ ખોર દિપડાએ જીવલેણ હુમલો કર્યો હતો. જાણવા મળ્યાં અનુસાર, દિપડો પ્રથમ પંચાબેનના ઘર તરફ ગયો હતો અને ત્યાંથી ચંપાબેન પર હુમલો કરી ત્યાર બાદ





રમેશભાઈના ઘર તરફ ગયો હતો. બંન્ને સ્થળો પર દિપડાએ હુમલો કર્યો હતો. ત્યારે બંન્ને જગ્યાએ દિપડાના હુમલાને પગલે બુમાબુમ થઈ જતાં દોડી આવેલ બંન્નેના પરિવારજનો તેમજ ગ્રામજનો આવી જતાં દિપડો નાસી ઝુટ્યો હતો. દિપડાને હુમલાને પગલે ગંભીર ઈજાગ્રસ્ત ચંપાબેન અને રમેશભાઈને તાત્કાલિક દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવવામાં આવ્યાં હતા. જ્યાં રમેશભાઈની હાલત નાજુક જણાતાં તેઓને વધુ સારવાર માટે વડોદરાની હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યાં હતા. જ્યાં જાણવા મળ્યાં અનુસાર, રમેશભાઈનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. દિપડાઓના હુમલાને પગલે લીમખેડાના ગ્રામીણ વિસ્તારોમાં લોકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. વન વિભાગની ટીમ દ્વારા દિપડાને પકડી પાડવા માટે કોઈ નક્કર કામગીરી ન કરતાં હોવાની પણ ગ્રામજનોમાં બુમો ઉઠવા પામી છે. અગાઉ વન વિભાગ દ્વારા ફુલપરી ગામે દિપડાને પાંજરે પુરવા માટે પાંજરા પણ મુકવામાં આવ્યાં હતા. ત્યારે ગતરોજ બનેલ વધુ એક બનાવને પગલે પાડા ગામ તરફ પણ વન વિભાગે દિપડાને પાંજરે પુરવા માટે પાંજરા મુકવામાં આવ્યાં હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે આવનાર દિવસોમાં દિપડો પાંજરે પુરવામાં વન વિભાગના અધિકારીઓને સફળતાં મળશે કે નહીં તે તો આવનાર સમયજ કહેશે.

**પાડા ગામે દિપડાના હુમલામાં ૪૩ વર્ષીય પુરૂષનું મોત : મહિલાને ઈજાઓ**

લીમખેડા તાલુકાના પાડા ગામ વન વિભાગની વલુડી રાઉન્ડમાં રાત્રીના સમયે ઘર આંગણામાં સુઈ રહેલા રમેશભાઈ સીનાભાઈ ચૌહાણ ઉ.વ.૪૩ ઉપર દિપડાએ હુમલો કરતાં ગળાના ભાગે ગંભીર ઈજાઓ થતા નશ કપાઈ જતાં મોત નિપજાવા પામ્યું છે. જ્યારે ૫૯ વર્ષીય મહિલા ઉપર હુમલો કરતાં ગંભીર ઈજાઓ થતાં ઝાયડ્સ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. પાડા ગામે એક રાત્રીએ માનવભક્ષી બનેલ દિપડાના હુમલાને લઈ ગ્રામજનોમાં ડરનો માહોલ જોવા મળ્યો છે. ત્યારે દિપડાને પાંજરે પુરાય તે જરૂરી છે.

## લીમખેડા તાલુકાના ગામોમાં ૨૦૦ જેટલા કલસ્ટર બેઈઝ વ્યક્તિગત ફલેક્ષી બાયોગેસ પ્લાન્ટ ઈન્સ્ટોલ કરવામાં આવ્યા

દાહોદ,

દાહોદ જીલ્લામાં સૌ પ્રથમવાર સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત ગોબરધન પ્રોજેક્ટ થકી લીમખેડા તાલુકાના ગામોમાં ૨૦૦ જેટલા કલસ્ટર બેઈઝ વ્યક્તિગત ફલેક્ષી બાયોગેસ પ્લાન્ટ ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે. લીમખેડામાં આ પ્રોજેક્ટની સફળતા બાદ ધાનપુર તેમજ દેવગઢ બારીયામાં પણ આટલા જ પ્લાન્ટ ઈન્સ્ટોલ કરવાની કામગીરી પણ ટૂંક સમયમાં પ્રારંભ કરાશે. આ એક જ પ્રોજેક્ટ થકી પશુપાલકને નિઃશુલ્ક રાધણગેસ ઉપરાંત રોજગારી, આવક, આરોગ્ય સહિતના લાભો થઈ રહ્યાં છે.



લીમખેડાના દાભડા ગામના મનીષાબેન પટેલ જણાવે છે કે, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત અમને બોયોગેસ પ્લાન્ટ લગાવી આપવામાં આવ્યો છે. આ માટે રૂ. ૫૦૦૦ નો લોકફાળો ભર્યો છે. આ બોયોગેસ પ્લાન્ટથી અમને રસોઈ માટે ગેસ મળી રહે છે. પહેલા ચૂલામા રસોઈ કરતી વખતે ધુમાડો સહિત બહુ અગવડ પડતી હતી. હવે શાંતિથી રસોઈ થઈ જાય છે. ખેતર માટે ખાતર પણ મળી રહે છે. ઘરે સ્વચ્છતા રહે છે. સરકારનો આ યોજનાનો લાભ આપવા માટે ખૂબ ખૂબ આભાર.

જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, દાહોદ હસ્તકની સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના અંતર્ગત દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના માંડલી ગામે સૌ પ્રથમ બાયોગેસ પ્લાન્ટ ઈન્સ્ટોલ કરવાની કામગીરીનો પ્રારંભ કરાયો હતો. આ યોજનામાં રૂ. ૪૬૮૯૮ ના પ્લાન્ટમાં રાજ્ય સરકાર દ્વારા રૂ. ૩૭ હજાર ની સબસીડી આપવામાં આવી છે અને ફલેક્ષી બાયોગેસથી વર્ષો સુધી નિઃશુલ્ક રાંધણ ગેસ મળી રહે છે.

સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ફેઝ-૨ યોજના અંતર્ગત રાજ્યભરમાં કલસ્ટર બેઈઝ વ્યકિતગત ફલેક્ષી બાયોગેસ પ્લાન્ટ અમલમાં મુકવામાં આવ્યો છે. ગ્રામ વિકાસ વિભાગ દ્વારા રાજ્યના તમામ જીલ્લાઓના ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતા બે પશુધન ધરવતા કુંટુંબો માટે ફલેક્ષી બાયોગેસ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યો છે.

ગોબરધન યોજનાથી લાંબા સમય સુધી નિઃશુલ્ક કુદરતી રાંધણ ગેસ મળી રહેશે. આ કુદરતી ગેસ સંપૂર્ણ સુરક્ષિત અને સલામત છે. દર માસે બે થી ત્રણ એલ.પી. બોટલ જેટલો ગેસ ઉત્પાદન થાય છે. સાથે સાથે સ્લરી પણ ઉપજે છે. આ સ્લરીનો ખેતરમાં ઓર્ગેનિક ખાતર તરીકે પણ ઉપયોગ કરી ખૂબ સારૂ ઉત્પાદન મેળવી શકાય છે. તેમજ જમીનની ફળદ્રપતા પણ વધારી શકાય છે. આમ ગ્રામ્ય વિસ્તારો માટે ગોબરધન એક મહત્વની યોજના સાબિત થઈ છે.

બાયોગેસ પ્લાન્ટ થકી ગ્રામ્ય વિસ્તારોને વિજળી, સ્વચ્છ વાતાવરણ, આરોગ્ય, રોજગારીનો એક સ્ત્રોત તથા બહેનોના સ્વસહાય જુથોની ખાદ્ય મંડળીઓ વગેરે ઉદ્દેશ્ય સર કરવાનો યોજનાનું મહત્વનો હેતુ છે.

દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના કુલ ૯ ગ્રામ પંચાયતોમાં કલસ્ટર બેઈઝ વ્યક્તિગત ફલેક્ષી બાયોગેસ પ્લાન્ટના કુલ ૨૦૦ લાભાર્થીઓનો લક્ષ્યાંક પૂર્ણ કરવામાં આવેલ છે. જેમાં દમમખ આણંદ અમલીકરણ એજન્સી દ્વારા હાલમાં દાહોદ જીલ્લામાં કુલ ૨૦૦ લાભાર્થીઓના ઘરે ફલેક્ષી બાયોગેસ પ્લાન્ટના ઈસ્ટોલેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. લીમખેડાના માન્લી ગામે ૫૩, કુન્લી ખાતે ૩૨, અગારા(ઉ) ખાતે ૧૧, દાભડા ખાતે ૩૯, વટેડા ખાતે ૪, પાલ્લી ખાતે ૧૦, દેગાવાડા ખાતે ૨૦, બાર ખાતે ૧૬, રઈ ખાતે ૧૫ ફલેક્ષી બાયોગેસ પ્લાન્ટ ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે.

## દાહોદના સાંસદ, ધારાસભ્ય સાથે ડેલીગેશન CMને રૂબરૂ મળ્યુ

**- દાહોદના દુકાનદારોને વ્યવસ્થા માટે MPનો CMને પત્ર.**
**- પ્રજાની સમસ્યાનુ સમાધાન મારી ફરજ : સાંસદ જશવંતસિંહ.**

દાહોદ,

દાહોદમાં સ્માર્ટ સીટી પ્રોજેક્ટ હેઠળ દબાણ હટાવ ઝુંબેશ છેલ્લા ચરણમાં આવી પહોંચી છે. આ કામગીરી અંતર્ગત ૪૦૦થી વધુ દુકાનો તોડી પાડવામાં આવી છે. તેને કારણે કેટલાયે પરિવારો રોજગારી વિના રઝળી પડ્યા છે. ત્યારે દાહોદના સાંસદ અને ધારાસભ્ય દ્વારા સત્વરે વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવા માટે મુખ્યમંત્રીને રૂબરૂ મળીને લેખિત રજૂઆત કરવામાં આવી છે. ત્યારે મુખ્યમંત્રીએ પણ સંવેદનશીલ રીતે જેમ બને તેમ કાર્યવાહી પૂર્ણ કરવા હૈયાધારણ આપતાં દાહોદના અસરગ્રસ્તો માટે રોજગારીની દિશા ઉજ્જ્વળ બની હોય તેમ લાગી રહ્યુ છે.પાલિકાની ટીમ અને શહેર સંગઠનના મુખિયા પણ સાથે ઉપસ્થિત હતા.

દાહોદ શહેરનો સમાવેશ કેન્દ્ર સરકારના ૧૦૦ શહેરોના સ્માર્ટસીટી પ્રોજેક્ટમાં કરવામાં આવ્યો છે.જે સમગ્ર દેશમાં એક માત્ર નગર પાલિકા વિસ્તાર છે. જેમાં ૧૨૦૦ કરોડ કરતા વધુ રકમનો ખર્ચ કરી શહેરને સ્માર્ટ સીટી બનાવવાનું લક્ષ્ય છે.આ પ્રોજેક્ટ અંતર્ગત છાબ તળાવ બ્યુટીફીકેશન સહિત જમીનની અંદરના ઘણાં પ્રોજેકટ પૂર્ણ કરવામાં આવ્યા છે અને તેનું લોકાર્પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પણ જે કામો બાકી હતી તેની કામગીરી યુધ્ધના ધોરણે ચાલી રહી છે અને ટૂંક સમયમાં જ પૂર્ણ કરવામાં આવશે. કારણ કે સમગ્ર સ્માર્ટસીટી પ્રોજેક્ટનો સમય હવે એક વર્ષ જેટલો જ બાકી છે.

દાહોદ શહેરમાં હાલમાં રોડ અપગ્રેડેશનની કામગીરી અંતર્ગત રસ્તાઓ પહોળા કરવાની કામગીરી ચાલી રહી છે. રસ્તાઓ પહોળા કરવા માટે તેની આસપાસ કરેલા કાચા પાકા દબાણો હટાવવા જરૂરી હોવાથી શહેરમાં તેવા દબાણો હટાવી દેવાયા છે. આ કામગીરી અંતર્ગત ૪૫૦ જેટલી દુકાનો તોડી પાડવામાં આવી છે. જેમાં કેટલાયે પરિવારો રોજી રોટી વિહોણાં થઈ ગયા છે. તેવા પરિવારો સહિત તેમની સાથે કામ કરતા શ્રમિકો માટે પણ વિકટ સ્થિતિ આવી પડી છે. ત્યારે હવે આ સળગતી સમસ્યા હલ કરવા માટેની તજવીજ હાથ ધરવામાં આવી છે.

દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોરના નેતૃત્વમાં અને દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીની ઉપસ્થિતિમાં મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને સાંસદ દ્વારા એક પત્ર આપી રૂબરૂ રજૂઆત કરવામાં આવી છે. જેમાં જણાવાયુ છે હાથલારીઓ અને કાચી કેબીનોમાં વેપાર કરતા પાલિકાના ભાડુઆતો તરીકે વેપાર કરતા હતા. ૯૦ના દાયકામાં તેમને પાકી દુકાનો નગર પાલિકા દ્વારા ફળવાઈ હતી અને ત્યાર બાદ ગૌરવ પથ અને વિકાસ પથ દરમિયાન રોડ અપગ્રેડેશન થયા છે. ત્યારે હાલમાં રોડ અપગ્રેડેશનની કામગીરી અંતર્ગત ૪૫૦ જેટલી દુકાનો દુર કરાતા ૭૦ વર્ષ જૂના દુકાનદારોનો પ્રશ્ન ગંભીર રીતે ઉપસ્થિત થયો છે. આ પ્રશ્નના નિરાકરણ માટે પાલિકાએ સંમત્તિ બતાવી છે. ત્યારે શહેરમાં આવેલા વિવિધ પ્લોટોને વાણિજ્યિક હેતુ માટે ફેરફાર કરી આપવા વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવા વિનંતી કરી છે. ત્યારે મુખ્યમંત્રીએ પણ આ પ્રશ્નના નિરાકરણ માટે સંપૂર્ણ હકારાત્મક પ્રતિભાવ આપી ઘટતું કરવા હૈયાધારણ આપી હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. આ બાબતે સાસંદ જશવંતસિંહ ભાભોરે ટેલીફોનીક વાર્તાલાપમાં જણાવ્યું હતું કે, દાહોદ શહેરના વેપારીઓને ગંભીર અસર થઈ છે અને તેના નિરાકરણ માટે સ્થાનિક તંત્ર સાથે પહેલેથી જ વાતચીત ચાલી રહી હતી અને હવે મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી વહેલી તકે રોજગારીના ગંભીર પ્રશ્નનું નિરાકરણ કરવા વિનંતી કરી છે. શહેર તેમજ સંસદીય વિસ્તારના તમામ લોકોની સુખાકારી માટેનુ સમાધાન શોધવુ એ અમારી નૈતિક ફરજ અને જવાબદારીનો એક ભાગ છે.

## દે.બારીયાના સાદરા ગામે બાળલગ્ન પ્રતિબંધક અધિકરી અને સમાજ સુરક્ષાએ સ્થળ ઉપર પહોંચી બાળલગ્ન અટકાવ્યા



દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના સાદરા ગામે સગીર બાળકોના બાળ લગ્ન થતાં હોવાની માહિતી મળતાં બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી તેમજ સમાજ સુરક્ષા અધિકારી, દાહોદની ટીમ દ્વારા તાત્કાલિક લગ્ન સ્થળ પર પહોંચી બાળ લગ્નને અટકાવ્યાં હતાં.

બાળ લગ્ન કરવા કે કરાવવા એ બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ -૨૦૦૬ મુજબ કાયદેસરનો ગુનો છે. હમણાં દાહોદ જીલ્લામાં બાળ લગ્ન થયેલ બાળકોના લગ્ન અટકાવવામાં આવેલ ત્યાં તો ફરી બાળ લગ્નની માહિતી એક જાગૃત નાગરીક દ્વારા ચાઈલ્ડ લાઈન ૧૦૯૮ માં આપવામાં આવી હતી. દેવગઢ બારીઆ તાલુકાના સાદરા ગામમાં સગીર બાળકના લગ્ન તેનાં પિતા અને કુટુંબી જનો દ્વારા અનુષ્ઠાન કરવામાં આવી રહ્યા છે. તેવી માહિતી મળતાં બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ સમાજ સુરક્ષા અધિકારી દાહોદ દ્વારા તાત્કાલિક સાગટાળા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવામાં આવ્યો હતો. સાગટાળા પો. સ્ટે. નાં પી. એસ.આઈ. જે.બી.તડવી એ પરિસ્થિતનું સંજ્ઞાન લઈ જીલ્લા સમાજ સુરક્ષા કચેરી તથા જીલ્લા બાળ સુરક્ષા એકમના અધિકારીઓ અને કર્મચારીઓ તથા પોલીસની ટીમ મોકલી બાળ લગ્ન અટકાવવા ની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. નોંધનીય છે કે ઉક્ત બાળ લગ્નમાં બાળકની ઉંમર આશરે ૧૪વર્ષ છે. બાળકના વાલીનું નિવેદન લઈ અને કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરી બાળ લગ્ન અટકાવવામાં આવ્યા હતા.

## ઝાલોદ પંચાલ સમાજ મહિલા મંડળનો આનંદનો ગરબો હવે આંતર રાજ્યમાં પણ ધૂમ મચાવી રહ્યો છે



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ પંચાલ સમાજના વિશ્વકર્મા મહિલા મંડળની મહિલાઓ દ્વારા કરવામાં આવતો આનંદનો ગરબો હવે પરપ્રાંતમાં પણ પ્રચલિત બની રહ્યો છે.

તારીખ ૨૨/૫/૨૩ને સોમવારના રોજ મદયપ્રદેશના રતલામ નિવાસી પુષ્પાબેન રમેશચંદ્ર પંચાલના નિવાસસ્થાને વિશ્વકર્મા મહિલા મંડળની ૨૫ જેટલી મહિલાઓ આનંદનો ગરબો કરવા માટે ગયા હતા. બપોરના ૩-૦૦ થી સાંજના ૭-૦૦ સુધીના સમયમાં માં બહુચરનો મહિમા વર્ણવતો આનંદનો ગરબાની સાથે નારસંગનો ઘોડો, બહુચરની બેટી, ગુજરાતી ડાકલાની રમઝટ જમાવીને માતાજીના ગરબાની રમઝટ જમાવી હતી. ઉપસ્થિત સૌ કોઈએ પહેલીવાર જોયેલા આ કાર્યક્રમને ખૂબ જ આનંદ સાથે આવકાર્યો હતો અને આજના સમયમાં મહિલાઓ દ્વારા કરવામાં આવતા આ પ્રકારના ધાર્મિક કાર્યક્રમની પ્રશસા કરીને મહિલાઓનો ઉત્સાહ વધાર્યો હતો, દાહોદ જીલ્લામાં ઝાલોદ પંચાલ સમાજ મહિલા મંડળ દ્વારા કરવામાં આવતો ‘‘આનંદ નો ગરબો’’ ખૂબ જ પ્રચલિત છે. જે આજના કાર્યક્રમ થકી પરપ્રાંતમાં પણ આકર્ષણ જમાવી રહ્યો છે.

## દાહોદમાં ડિમોલીશન કામગીરી અંગે હાઈકોર્ટમાં રીટ દાખલ કરતાં પ્લોટ નં.૪૫૨માં યથાવત સ્થિતી નિમવવા કોર્ટનો આદેશ

દાહોદ,

સ્માર્ટસીટી દાહોદમાં માર્ગ અપગ્રેડ્રેશન અને અન્ય પ્રોજેકટને લઈને ચાલતી ડિમોલીશનની કામગીરીમાં સંબંધિતો દ્વારા અનેક બિલ્ડીંગો ધરાશાયી થયાં હોવાનું તેમજ આડેધડ રીતે તોડફોડ કરાઈ રહ્યાના આક્ષેપ સાથે કરાયેલી ગુજરાત હાઈકોર્ટમાં રીટ પિટિશનમાં ગુજરાત હાઈકોર્ટે અંજુમને મોહમદી જમાત એટલે પીટીશન નબર ૯૨૦૬/૨૦૨૩ માં કરાયેલી આશકાને નજર અંદાજ કરી ફાઈનલ પ્લોટ નંબર ૧૯, ૨૦માં જયારે પણ કાર્યવાહી કરવાની થાય ત્યારે કાયદેસરની નોટિસ આપી કાયદેસરની કાર્યવાહી કરવા જણાવાયું છે, તો નગીના મસ્જિદ વકફ બોર્ડ દ્વારા કરાયેલી ૯૨૦૭/૨૦૨૩ માં અગામી તા.૦૮.૦૬.૨૦૨૩ ના રોજ કોર્ટે વધુ સુનાવણી હાથ ધરવાનું ઠરાવ્યું છે. જેથી આ અંગેનો ૦૮.૬.૨૦૨૩ ના રોજ શું થશે તેના ઉપર લોકોની મીટ મંડાયેલી છે. જોકે, અગામી સુનવણી તારીખ સુધી ફાઈનલ પ્લોટ નંબર ૪૫૨ માં યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનું પણ કોર્ટે જણાવ્યું છે. ત્યારે શહેરમાં તરેહ તરેહની ચર્ચાઓએ જોર પકડયુ છે. કાયદાના નિષ્ણાંતોનું કેહવું છે કે કોટે ક્યાંય તોડફોડ રોકવી એવો કોઈ દિશા નિર્દેશ કર્યો નથી. ત્યારે આગામી દિવસોમાં નગરપાલિકા દ્વારા તથા સરકાર દ્વારા કોર્ટમાં એફિડેવીટ ફાઈલ કરવાની છે અને નોટિસ અંગે યોગ્ય તે નિર્ણય લેવાવાનું હોઈ આગામી આઠમી જૂન મહત્વપૂર્ણ બની રહેશે.

પીટીશન નંબર ૯૨૦૬ માં અંજુમન મહોમદી જમાતે સંબંધીતો દ્વારા અમારી માલિકીની મિલકતો તોડી નંખાશે તેવું લાગી રહ્યું હોવાનું જણાવ્યું હતું. ત્યારે નામદાર કોટે પ્રાંત અધિકારી એન.બી. રાજપૂતને યોગ્ય તે કાર્યવાહી કોર્ટ મેરીટમાં ગયા વગર કોઈ નિર્ણય લઈ શકાય નહિ તથા અરજદાર સામે કાયદેસરની કાર્યવાહી કરી કારણો દર્શાવતી નોટિસ પાઠવ્યા પછી કાર્યવાહી કરવાનો જણાવ્યું છે. ત્યારે આવનારા દિવસોમાં આ ફાઈનલ પ્લોટ નંબર ૧૯, ૨૦ ની મિલકતો મામલે જો નોટિસ અપાશે તો કાયદાકીય કયો રંગ લાગશે તે આવનાર સમયે જ કહેશે બાકી હાલ તો તોડફોડ અંગે કોઈ રોક કે મનાઈ હુકુમ ન રહેતા હવે કોનો વારોની ચર્ચાએ જન્મ લીધો છે. ગતરોજ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ દાહોદ નગરમાં પાલિકા દ્વારા મનસ્વી રીતે દબાણ હટાવવાની કામગીરી અનુસંધાને અરજી કરવામાં આવી હતી. જે અરજીને એડમીટ કરીને આજરોજ તા.૨૩.૦૫.૨૦૨૩ના રોજ હાઈકોર્ટના જજ એસ.વી. પિન્ટો સમક્ષ ફીફા ફોર બીયરીંગ કરી સુનવણી હાથ ધરવામાં આવી હતી જેમાં પીટીશન તરીકે અંજુમને મહોમ્મદી જમાતના સેક્રેટરી અસગર અળી અહેમત અલી રાયલી અને સામાવાળા તરફે ગુજરાત રાજ્ય તથા નગરપાલિકા દાહોદ વિગેરેને જોડવામાં આવ્યાં હતા. તેમાં બંન્ને તરફે રજુઆત થતાં કોર્ટ સત્તાધિશો એટલે કે સામાવાળાને કાયદાની યોગ્ય પ્રક્રિયાને અનુસરવા તથા ડીમોલીશનની કોઈપણ પ્રક્રિયા કરતાં પહેલા અરજદારને સાંભળવા તથા તેમનો કેસ આગળ મુકવા મંજુરી આપવામાં આવી છે. આજ રીતે નગીના મસ્જીદ વકફની પણ આજરોજ ૨૩.૦૫.૨૦૨૩ના રોજ ગુજરાત હાઈકોર્ટના જજ એસ.વી. પિન્ટો સમક્ષ સુનવણી તથા નામદાર કોર્ટના જજ એ આગલી તારીખ ૮,૪ જુન સુધીમાં સામાવાળા એટલે કે રીસ્પોન્ડન્ટને એફીડેવીટ સહિત જવાબ રજુ કરવા ઓર્ડર કરવામાં આવ્યો છે તથા જમીનને અત્યારની પરિસ્થિતી યથા યોગ્ય રાખવા ઓર્ડર કરવામાં આવ્યો છે. આમ બંન્ને કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના જજ એસ.વી. પિન્ટો દ્વારા ઓર્ડર કરવામાં આવેલ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.233

